૨૮૭૪

ગુજરાતી

सुंदर मनपशन गायन

સંગ્રહ.

તેમાં લાવણીઓ, ગરબીઓ, રાગીઓ દોહરા ગીત,
વસંત રેખતા ઠુમરા પોસ્તા સાખીઓ વીગેરે.

છપાવી પરસીધ કરનાર

બુકસેલર મગનલાલ દેવચંદ



આવૃતી ૧ લી પ્રત ૧૦૦૦.

અમદાવાદમાં.
ઘાચીરાડ ઉપર કાજી હુશેનની પોળમાં લવાર
નથુ પાનાચંદના મકાનમાં શા. મગનલાલ
દેવચંદે પોતાના સુર્યપ્રકાશ પ્રેસમાં છાપી.
સને ૧૮૮૬ | સંવત ૧૯૪૨
કીમત ૬ આના

અનુક્રમણીકા.

ગુજરી.

કે કાબુલસે બાદશાહ ચડે ને સાથી ઠીંસીકા દીવાનરે,
કે બાદશાહ ઉતરે બાગમે મેં કયા મસ દેખન જાઉરે;
કે હાથમેરે લેઉ લાલ માટલી કદોવણ હોકે જાઉરે.
કે બાદશાહ ઉતરે બાગમે મેં કયા મસ દેખન જાઉરે,
કે હાથમેરે લેઉ લાલ બેડલું પનીહારણ હોકે જાઉરે;
કે બાદશાહ ઉતરે બાગમે મેં કયા મસ દેખન જાઉરે,
કે હાથમેરે લેઉ લાલ લાકડી ગોવાલણ હોકે જાઉરે;
કે બાદશાહ ઉતરે બાગમે મેં કયા મસ દેખન જાઉરે.
કે હાથમે લેઉ ફુલ છાબડી મેં માલણ હોકે જાઉરે,
કે ફુલફગરનો ઘાઘરો સાળુડે કસબી કોરરે,
કે કલ્લાં કાંબી આણવટ બીછુવા ઝાંઝરનો ઝમકારરે;
કે હાથે બાજુબંધ બેરખા ને એની દશે આંગળીએ વેઢરે,
કે કાને કલાફુલ શોભતાં ને એને કાને ઝબુક ઝાલરે.
કે કોટે તે પાટીયાં સોભતાં એને કંઠે એકાવળ હારરે;
કે લીલારે જગનુ કાપડું એને જગ મોતીનો હારરે;
કે નાકે તે વાળીયો શાભતી એને ટીલડી તપે લલાટરે,
કે બાલે બાલ મોતી પરોવ્યાં જાણે ઉગ્યો સુરજ ભાણરે,
કે છોટી મટકીમાં દહીં જમાયો દુધ લીયો મણ ચારરે;
કે ચલી ગુજરીયાં દહીં બેચનકુ, ચલી બાદશાહકે દરબારરે.
કે અપર લ્યો કોઈ મધ્યર લ્યો કોઈ લ્યોને મીઠડાં દુધરે,
કે મોહનરે કહે સુણો બજરીયાં લશ્કરમે મત જાવરે;

કે દીલી શેહેરકા બાદશાહ તુજે રખે ગોખલ માંહરે,
કે માથનાં વારથાં નાકરે વહુ મહી વેચવાને જાયરે.
કે હાટે મોહ્યા હાટ વાણીયા ને ચોરે મોહ્યાં ચોખદારરે,
કે જે દએસો મોહી રહ્યા ને બાદશાહ સરખા મોહરે;
કે ચલી ગુજરીયાં મહી બેચનકુ બેઠી લાલ બજારરે;
કે સીપાઈ બીચારે ચાડી લગાઈ જીવ જાન હુવા હેરાનરે.
કે અપને લસ્કરમે એસી મહીયારીને એસા નકોઈકાહુપરે
કે બાદશાહકુતો ખબર હુઈને ગુજરી દેખન આયરે;
કે અલીયાંરે ગલીયાં કયા ફીરનાધોરી પેઠો પડદા માંહરે.
કે પડદેમે બેઠી મોજ કરો ગોરી ચાવો નાગર પાનરે;
કે અલીયારે ગલીયાં બોહોતભલી તેરે પડદેકુ લગાદઉ આગ,
કે હીંદવાણી તું હરાંમજાદી બાદશાહકુ દેવે જવાબરે,
કે બાદશાહ કેવે સુણ ગુજરી તમ સુણો અમારી બાતરે;
કે કાથ કથીરમાં કયા પેહેરના ગોરી પેનો સોના શેરરે.
કે કાથ કથી મેરે બોહોતભલી તરે સોનેકુ લગાદઉ આગરે;
કે હીંદવાણી તુ હરામજાદી બાદશાહકુ દેવે જવાબરે,
કે બાદશાહ કેવે સુણ ગુજરી તમ સુણો અમારી બાતરે.
કે કાળી કામળમે કયા ઓઢણા ગોરી પેહેરો દક્ષણી ચીરરે
કે કાળીકામળ મેરે બોહોતભલી તરે ચીરકુ લગાદઉ આગર.
કે હીંદવાણી તુ હરામજાદી બાદશાહકુ દેવે જવાબરે,
કે બાદશાહ કેવે સુણ ગુજરી તમ સુણો અમારી બાતરે;
કે બેરા જુઆરમે કયા ખાના ગોરી ખાવને નાન પુલાવરે;
કે નાન પુલાવમેં કયા ખાના મેરા હિંદુકા અવતારરે;

કે હીંદવાણી તુ હરામ જાદી બાદશાહકુ દેવે જવાબરે;
કે બાદશાહ કેવે સુણ ગુજરી તમ સુણો અમારી બાતરે;
કે મકનારે હાથી અજબ બન્યા ને ગોરી હાથી દેખન આવરે
કે તેરે હાથીમે કયા દેખના મારે ઘેર ભુરી ભેંસશારે,
કે ટંકે સવામણ દુધ કરે તારા હાથીયો ભલેરી મારી ભેંશરે
કે દહી દુધકી નદી ચલાઉ માખણકી બાંધુ પાળરે,
કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકુ દેવે જવાબરે;
કે બાદશાહ કેવે શુણ ગુજરી તમ શુણો અમારી બાતરે.
કે મેરા કુંવર ગોરી અજબ બન્યા ગોરી કુંવર દેખન આવરે
કે તેરા કુંવરમેં કયા દેખના મેરી ગાયુંકા ગોવાળરે;
કે હીંદવાણી તું હરામજાદી બાશાહકુ દેવે જવાબરે.
કે બાદશાહ કેવે શુણ ગુજરી તમ શુણો હમારી બાતરે,
કે મેરીસોલસે રાણીઓ ખુબ બની તે રાણુંયો દેખન આવરે
કે તેરી રાણીમે કયા દેખના મેરે પાણી ભરે પનીહારરે.
કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકુ દેવે જવાબરે,
કે બાદશાહ કેવે સુણ ગુજરી તમ સુણો હમારી બાત;
કે મેરા ઘોડા અજબ બન્યા ગોરી ઘોડા દેખન આવરે
કે તેરે ઘોડેમે કયા દેખના મેરે ઘેર ગવરી ગાયરે,
કે હીદવાણી તું હરામજાદી બાદશાહકુ દેવે જવાબરે,
કે બાદશાહ કેવે શુણ ગુજરી તમ શુણો હમારી બાતરે;
કે મેરી મુછો અજબ બની ગોરી મુછોપર માહી આવરે.
કે તેરી મુછોમે કયા દેખના મેરા બકરા જેસા પુંછરે,
કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકુ દેવે જવાબરે;

કે બાદશાહ કેવે શુંણ ગુજરી તમ શુણો હમારી બાતરે.
કે કીયું તમારૂ સાબરૂ ને કોયા પુરૂષ ઘેર નારરે
કે ઘટ ગોકુળ મારૂ સાસરૂ ને ચંદા પુરૂષ ઘેર નારરે;
કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકુ દેવે જવાબરે.
કે બાદશાહ કેવે શુણ ગુજરી તમ સુણો અમારી બાતરે
કે કોણ દેશકી ગોવાલણી ને શુ છે તારૂ નામરે;
કે ઘટ માંડવકી ગોવાલણી ને મેના ગુજરી મારૂ નામરે
કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકુ દેવે જવાબરે,
કે બાદશાહ કેવે શુંણ ગુજરી તુમ શુણો હમારી બાતરે
કે છોટી મટકીકા મુલ કરોને ગોરી ઉસકા'કયા હોય મુલરે
કે છોટી મટકીકા મુલ કરૂ તો તેરી શુદ્ધ બુદ્ધ જાવે ભુલરે;
કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકુ દેવે જવાબરે,
કે બાદશાહ કેવે શુંણ ગુજરી તમ શુણો હમારી બાતરે.
કે દુસરી મટકીકા મુલ કરોને ગોરી ઊસકા કયાહોય મુલરે,
કે દુસરી મટકીકા મુલ કરૂ તેરી સોલસે રાણીઓ દુલરે
કે સોલસે રાણીઓ સજ કરૂ તેરા કોઈના લેવે નામરે,
કે હિંદવાણી તુ હરમાજાદી બાદસાહકુ દેવે જવાબરે,
કે બાદશાહ કેવે શુણ ગુજરી તમ શુણો અમારી બાતરે;
કે તીસરી મટકીકા મુલ કરોને ગોરી ઉસકા કયા હોય મુલરે
કે તીસરી મટકીકા મુલ કરૂ તેરા મકના હાથી દુલરે;
કે હીંદવાણી તુ હરામજાદી બાદશાહકુ દેવે જવાબરે
કે બાદશાહ કેવે શુણ ગુજરી તમ શુણો અમારી બાતરે;
કે ચોથી મટકીકા મુલ કરોને ગોરી ઉસકા કયા હોય મુલરે,

કે ચોથી મઠંડીકા ગુલ કરૂ તારી સારી ઢીલી હુલરે;
કે હીંદવાણી તુ હરામજાદી બાદશાહકુ દેવે જવાબરે;
કે બાદશાહ કેવે શુણ ગુજરી તમ શુણો અમારી બાતરે,
કે તેરા રૂપ તો કીને દીયા જાણુ સોની ઘડે સોનારરે;
કે અલ્લામીયાંને મુજે રૂપ દીયા મેરા કરમ કરે કીરતારરે.
કે હીંદવાણી તુ હરામજાદી બાદશાહકુ દેવે જવાબરે,
કે બાદશાહ કેવે શુણ ગુજરી તમ શુણો અમારી બાતરે;
કે ગલબલ ગલબલ કયા બોલતી ગોરી બોલો સમજકી બાતરે
કે અકડ છકડ ગોરી કયા બોલતી કાંઈ છકડ લગાવું દોચારરે
કે તુ નવ જાણીશ એકલી મારા ગુજર ચઢે નવ લાખરે
કે હીંદવાણી તુ હરામ જાદી બાદશાહકુ દેવે જવાબરે,
કે બાદશાહ કેવે શુંણુ ગુજરી તમ શુણો અમારી બાતરે;
કે મારૂ તમાચોને ઉડજાય પઘડી મુખડાં હો જાય લાલરે;
કે ટકે ટકે તેરા ટટુ બેચાઉ દમડીકા દસ ઊંટરે,
કે ટકે ટકે તેરી ઢાલ બેચાઉ ને દો કોડી તલવારરે;
કે બાદશાહકુ તો ગુસ્સા લગાને ડાલી બેડી પાયરે;
કે હાથે ડાલીરે હાથ કડીયાને ઈસકુ હાથીપર બેઠલાયરે
કે હાથીકે હોદેપર બેઠી ઉસકા કોઈ ન લેવે નામરે;
કે આમણ વીરા વિનવું તને આલુ હઈયાનો હારરે.
કે કાગળ જઈને આપજે મારા હીરા દીયરને હાથરે;
કે હીરીએ કાગળ વાંચીયોને ભાઈ ગુજરી પડી બેડી માંહીરે;
કે ચંદ કાગળ વાંચીયોને ગુજરી પડી બેડી માંહીરે.
કે છો પડી ભાઈ પડવા દો કાંઈ એવી લાવીશું પગારરે,

કે તાણી બાંધો ભાઇ ઢાલ તરવારોને તાણી બાંધ્યા હથીયારરે;
કે સુરા હોયસો સંગ ચલોને નહી કાયરકા કામરે.
કે કેસરીયા ભાઇ વાઘા પેહેરોને હો જાગ્યો લાલ ગુલાલરે.
કે ત્યાંથી હીરીઓ દોડી ઓને ગયો તે ઘોડાની પાસરે,
કે તાણીને બાંધો તંગડાને ઢીલી મેલો લગામરે;
કે દીલી જીતીને ઘેર આવું તો રેવંત મારૂ નામરે.
કે હીરીઓ ઘોડે એકજ ચઢયો ને ગુજર ચઢ્યા નવ લાખરે
કે ચંદો ઘોડે એકજ ચઢયોને ગુજર ચઢયા નવ લાખરે,
કે હીરીઓ ઘોડો ખેડીઓને ઘોબી મારયા પચાસરે;
કે લેજે ભવાની ભોગ આતો ગુજર કેરો રોગરે.
કે ચંદ્ર ઘોડો ખેડીઓને જાય દીલ્લી મેદાનરે,
કે હીરીઓ પેઠો શેહેરમાંને કંદોઇ નાઠા જાયરે;
કે તાપોકી ધમરોળ હુઇ ને હુવા અંધારા ઘોરરે.
કે બાદશાહકુ તો ખબર નહીને રઇયત નાઠી જાયરે,
કે સુતા બાદશાહ જાગજે તારે નગર પડયો ભેંકારરે;
કે સુતો બાદશાહ જાગીઓ ભાઇ કયા હોતા ધમરોલરે;
કે સુતો બાદશાહ જાગીઓને મુગલ ચઢયા બાણુ લાખરે;
કે તાંબાની નોબત ગડેગડે ને જેના ઢમકે વાગે ઢોલરે.
કે ફાગણ સુદ ચઉદસને દહાડે મામલો મચ્યો જોરરે;
કે ગુજરી રહીને બોલીયાં ને બોલ્યાં એકજ બોલરે;
કે હીરીઓ પેહેરે કાચળી ને હથીયાર મુજને આલરે;
કે બાદશાહ સાથે અેસી લડુ મેરા જુગમે હોજાય નામરે,
કે તલવારે તાળી પડે ને બરછી ચાલે પાનરે,

કે અગાડી પછાડી દેરા તાણ્યા ને બીચમે રખ્યો મેદાનરે;
કે વચમાં રાખ્યા ગુજરી બાઇ જે જીતે તે લેઇ જાવરે,
કે હીરીયોનેચંદીયો બોલીયા રાજા સાંભળો અમારી વાતરે
કે પેહેલો ઘાવ તમો કરો ને અમે તમારી રઇતરે;
કે પેહેલો ઘાવ બાદશાહે કીધો ગુજર લશ્કર માંહરે,
કે હીરીઓ ચંદીઓ ધુસ્સે થયા જેમબકરામાં પડીયા વાઘરે
કે તલવારોની તાળી પડે ને લોહીનો વરસો મેઘરે,
કે તમારી ગુજરી તમને સોંપી ગુજરી અમારી બેહેનરે;
કે ત્યાંથી ગુજરી ચાલીયાં ને ગયાં સાશુને ઘેરરે,
કે સાશુ મેણાં બોલીયાં વહુ જાઓ બાદશાહને ઘેરરે;
કે આ વહુઅરને જવા દો ને હું બીજી પરણાવુ કાલરે,
કે આ વહુઅરને જવા ન દઉ મારા ગુજરનો પત જાયરે,
કે ત્યાથી ગુજરી ચાલીયાંને ગયાં નણંદને ગેરરે,
કે નણંદલ મેણાં બોલીયાં ભાભી જાઓ બાદશાહને ત્યાંરરે
કે ત્યાંથી ગુજરી ચાલીયા ને ગયાં તે પાવા ઘઢરે;
કે પાવા તે ઘઢમે અલોપ હો ગઇ માહાકાળી કહેવાયરે,

મિશરિ.

કે આઠ કુવા નવ વાવડીજી સોલરો પનીહાર.
ઉસમે કુન ગોરી પતલી આ મીસરી;
પતલી કમર લંબે બાલ.
કે ઘાટ ઘડુલો ચીંટીઓજી પીડી લાલ ગુલાલ.

કાતન વાળી પતલી એ મીસરી
લળી લળી નાખે તાર.
કે એડીની ગેડી કરૂજી કેડોની કરૂ કમાન,
નઇણુાના કરૂ બે બાલકા એ મીસરી;
પાકુ ચતુર શુજાણ.
કે ચતુર પુરૂષની ગોરડીજી હશી હશી ઉતર દેશ,
મુરખ પુરૂષની ગોરડી એ મીસરી;
રોઇ રોઇ ઉતર દેશ.
કે હસત જોબન ખસતજી રૂવે તો કજલે ડો જાય,
એસો પીયારો મેરો સાયબો એ મીસરી;
સાંજ પડે ઉડ જાય.
કે દાડમ શુકે દહાડીએજી ઘેર શુકાય ઘર નાર,
બાપ ગેર શુકાય બેટડી એ મીસરી;
હીણા પુરૂષ ગેર નાર.
કે રાજવણ બેઠી રાજમેજી ખમે ઉધાડા કેસ,
ઘશ જોબનકે કારણુ એ મીસરી;
દીલી બેઠાતી લેશ
કે તેરી દીલીને મેરા આગરાજી તરે મેરે કાયકા સનેહ,
તેં ચમકાવી વીજળી એ ઘાબીડા;
મેં વરસાવ્યો મેહ
કે ઘરના ગોડા ચઢેજી નગર લીયો કેમ જાય,
કેઇ મારી સાહેલીએ ભોળવ્યો એ મીસરી;
નિત્ય ઘર ભુલી જાય.

પ્રસન થઇ ઘણુ કામની, બોલી મુખે વાણી; કો નર આવી પોહોતા સહી, દાશી દો જઇમાન. તેડી લાવો મુજ આગળે, આપો ફોફળ પાન ૨. એવાં વચન દાશી સુણી, ઉતરયા તેનીવાર; સોળ સજયાછે શોભતા તેની સોભાનો નહી પાર જુહાર કરયા નીચી વળી, બોલી મુખથી વાણ; ભલે પધારયા રાજવી છોજી ચતુર સુજાણ,૪ શેઠાણી મારી તેડે સહી. તેણે મોકલ્યાં બીડાં પાન; ચતુરને ચતુર મળે, એમ કહીને દીધુ માન.૫ તેડી ગઇ તે તારૂણી, ચારે ચતુર સુજાણ; બેઠક મધે લાવી સહી. ત્યાં શોભે ઉદીઓ ભાણ. ૬ પાટ પરવાળી તણા,જડીત હીંડોળા ખાટ; એ વિશ્વ કરમાએ રચના રચી, ઘણી શોભાછે ઘાટ ૭ એક વીનતા બેઠી દીઠી તહી તેની શોભનો નહીપર; જેવી કાને સુણી હતી, તવી સુંદર નાર. ૮ મૃગ નેણી કટી કેશરી શોભે શુકલ અવતાર;જાણે વીજળી ઝબકી રહી,વદન કમળ આકાર, ૯ ઘણી ચપળતા નારની બુધ તણી ભંડાર સોળ વરસની સુંદરી, દેખેછે ચતુર નર ચાર, વીનતા ઉઠી ઉભી થઇ, બોલી હાસ વચન, ભલે આવ્યા પરદેશી પતી, ઘણું રીઝયુ મારૂમન,

ચોપાઇ—વીનતા ઉઠી ઉભી થઇ; જોતાં ચારની શુધ ના રહી; આપી ખુરશી દીધાં માન, તે વીનતાએ આપ્યાંપાન કંઠે નેત્ર ચપળતા કરી, ચીત ચારેનાં લીધાં હરી, ચારે ચતુરાઇ ભુલી ગયા, જોઇ વીનતાને વ્યાકુળ થયા, વીનતા બોલી મધુરીવાણ, ભલે પધારા ચતુર સુજાણ, કાંઇ આગ્ના હમને દીજીએ, તમે કહો તે અમે કીજીએ, એવાં વચ

વીનતાનાં સુણી, ચારે જણે વાણી ભણી; ભાખ્ય રૂપઇ પા
સે છો તમો; તે કારણ પુછીએ અમો; તારે વીનતા બોલી
વાણ સુણજો ચારે ચતુર સુજાણ મારે રમત રમવના કોડ
પરહુ પોહેલી નરશું છે, ચોસર તણી રમત છે જેહ રમત ર
મવા આણી નેહ; જે હારે તે સરતે હરિ દાસ થઇ તેની પા
સે રહું જો નર હારે આ ઠાર તો તો કાઢી મુકુ બહાર; હારે
તો દ્રવ્ય મુકીને જાય. જીતે તો મુજ સ્વામી થાય બતરીસ લ
ક્ષણ તેનું કામ, મુરખ શું સમજે આ ઠામ એવાં વચન વીન
તાનાં સુણી વીમાસણ થઇ ચારેને ઘણી; ગમે તેવી પણ આ
ખર નાર, એને જીતતાં કેટલી વાર વારા ફરતી રમસે સહી
જે જીતશે તે વરશે લઇ, એવો મનમા કરયો વીચાર, માંડી
બાજી નવ લાગી વાર;

દોહરા—માંડયાં પાટ કંચન તણા, ચતુરંગી સોગટી સાર
વીનતાએ ત્યાં મુકીયાં આવીને બેઠી નાર. બીલાડીને શીર દી
પક ધરયો પછે બોલી મુખથી વાણ, હવે વારાફરતી રમો સહી,
તમોએ ચતુર સુજાણ જીતે તેની હું તારણી હારે તેના લઉ
દામ એમ કહી બેઠી સહી વીનતાં તેણે ઠામ, ૩ એવાં વચ
ન વીનતાનાં સુણી રીસ ચડી અપાર, તે મધેથી ઉઠીઓ બેઠો
સનમુખ નાર, ૪ ઘણે ઠેકણે ફરયા તમો તે આજ મુકશો મા
મ; એમ કહી પાશા ગ્રહયા, નાખ્યા તેણે ઠામ. ૫ સાચવે
નજર એક એકની નાખ્યા જોઇને દાવ, ચાતુરી ચલાવે ઘો
ણી રાખી મનમાં ભાવ; ૬ ગમે તેવી કરે ચાતુરી પણ પડે
છે અવળા દાવ; વિનતાની બાજી થઇ જીતી તેને હુઇકે હર

ખ નમાય એક હાથ બાકી રહ્યો જેપડે પાશા પોબાર, તો તો જીતે તારૂણી હારે રાજ કુમાર.

ચોપાઈ—પડયા પોબારને જીતી નાર, રાજ કુંવર હાર્યો તેઠાર, ઉતરી ગયુ પછે મુખનુ નિર, આઘા જઈને બેઠો વીર બીજા બાંધવ ઉઠયો મહી વીનતા સનમુખ બેઠો જઈ; તેણે પાસા લીધા હાથ, રમવા લાગ્યો વીનતા સાથ તે પણ હારયો જોતા શહી તેની હુંશ પણ પોહોતી નહી ત્યારે ત્રીજો બોલ્યો વાણ ઉઠી બેઠો ચતુર સુજાણ સુજને કોઈ જીતી નવ જાય, નથી હું કંઈ મ સીકે ની માય એમ કહી પાસા લીધ; રમત હતી ને જાણ બંધુ ચાતુરી કીધી સાર તે પણ જીતી લીધો સુંદરી ચારે નરનાં ઉતરયાં માન હળવા પડયા જેમ પીપળ પાન; રાંકના જીત્યા જાણુ કોક હરાશે પુરના સઘળા લોક એવો મનમાં કરયો વીચાર; ફરી રમવા માંડયુ તે ઠાર ચચાર લાખની પાડી હોડ, શોળ લાખ ભરયા તે ઠોર શોળ ચારને લાવે શહી, નહીતો શોળની આશા નહી; એમ વીચારી પોતાને મન રમવાને બેઠા તે દિન વારાફરતી હારયા ચાર, જીતી ગુણકા નવ લાગી વાર; હાર્યો જુગારી બમણું રમે, ખુ ધીબ્રષ્ટ થઈ ત સમે; વળી મનમાં કરી વિચાર વીનતા પ્રતે બોલ્યા ચાર હાથી ઘોડા ધનને માલ લખી આપ્યુ તેને તત્કાળ; હારીએ તો સરવે દીજીએ, જીતીએ તો તારૂણી લીજીએ એમ કહી રમ્યા તે ઠાર, તે પણ જીતી લીધુ નાર કાંઈ હોડ કાઢો આ ઠાર, નાહીતો નીકળો મેહેલથી બહાર; સુણી વચન લાગ્યુ દુખ, બોલ્યા ચાર જાણે તે સુખ. ચોથી રમત રમો

એ અમો કરીએ હોડ તે શુણજો તમો, જો હારીએ તો થઇ ગુલામ; નહીંતો તેને કરીએ એ કામ એમ કહીને રમીયા ત હિ વીનતા તે પણ જીતી ગઇ; આંખા થઇને બેઠા ત્યાંહી; પછી વીનતાએ વાંણી કહી,

દોહરા-હારયા ચારે ચતુર નર. હાથી ઘોડા ધનને માલ ગુલા મ ખત લખી અપીયુ; પછે કેદ કરયા તે ઠામ. ગઇ વાત ગાદરે લશકર પડયુ તે ઠાર, હાર્યા ચારે રાજવી જીતી ગુણ કા નાર ગુલામ થઇ તેતો રહયા, નવ પોતી મનની આશ એકે અરથ શારયો નહી, છેક થયા નિરાશ, એ વાત સરવે શુણી; પામ્યા મનમાં દુખ, નાઠુ લશકર ત્યાં થકી, ઉતરયાં સ રવનાં મુખ, તાજલ મુખ રહયો એકલો બાકીએ તજીયું ઠામ દુખ ધરી મનમાં રહયો શુ કરવુ હવે કામ નામ બોળયું ચા રે બંધવે, લગાડી કુળને લાજ ગુણબંકાવળી લાવતાં કરે ગુલા મી કાજ. પરમેશ્વર પ્રતાપથી જીતી ગુણકાની જાત, છોડાવુ મુજ ભાઇને, પછે લખીત પદારથ વાત કરતા હરતા કીરતાર તું મુજથી કંઇ નવ થાય; એમ વીચારીમન વિષે, આવ્યો નગરી માંય શેરી ચઉટાને ચાવડી જોયા ચોક બજાર; ફરતો ફરતો આવીયો એક અમીરને દવાર. મોટો મહેલ નવટુંકી નો, ડુંગરે બેઠા દરવાન કોણ દેશથી આવીયા, શું છે ત માર નામ; બત્રિશ લક્ષણ દીશો તમો, શું ધારોછો કામ. ત્યારે રાજકુંવર મુખ બોલીયા, અમો મુશાફર જાત; આ મેહેલછે ભાઇ કોણ તણો, એટલી પુછુછુ વાત ત્યારે દરવાંને વાણી વદી; એ અમીર તણુછે ધામ; બુધિ ધણી બહુ ચા

ખુશી, પેર ઘણાછે દામ, ત્યારે રાજકુંવર મુખ બોલીયો એ
ક કરો મુંજ કામ; અમીરને જઇને કહો, એક મુશાફર આ
વ્યો મુકામ, ઉમેદવાર મળવા તણો, ઘણી ઇચ્છો મન માં
ય, હુકમ કહોતો આવીએ, એમ કહો જઇને ત્યાય;

ચોપાઇ—એવાં વચન દરવાને શુણ્યું, ગયો ત્યાંથી અમી
રના ભણી સનમુખ રહીને કરી સલામ, પછી અરજ કરી
તે ઠામ મુસાફર અવ્યો એક દ્વાર તેમાં રૂપછે અપ
રંમપાર બત્રીસ લક્ષણી છે જાત તેણે એક કહાવી
છે વાત અમીર સાથે મળવું છે સહી, એવીતણે વાણી
કહી; એવાં દરવાનનાં સુણી વચન, હરખ્યુ તેઅમીરનું મન.
તેડી લાવો મારી પાસ, મોકલો તેડવાતરત દાસ; આવ્યો
સેવક તેણી વાર કરજોડીને કરયોજુહાર. અમીર અમારા તેડે
ત્યાંય, બેઠાં રંગ મોહેડીનીમાંયા; ગાટે ચાલો અમારી સાથ,
એમ કહીને જોડયાહાથસભાકરી બેઠા જયાંય રાજકુંવર પોહો
તો ત્યાંય; રાજરીતથી કરયો જુહાર. અમીર રીજયો અપર
મપાર મુખ રૂપ શોભે જાણે ઉગ્યો સુરજ એવું રાજકુંવરનુ
નુર ઘણી શોભાને રૂપ વીશાળ, તે જોઇ અમીરને ઉપન્યુ વ
હાલ, પાશે બેશાડી દીધુંમાન, મુકયાંઆગળ શ્રીફળપાન, કયાં
થી આવ્યા ને કયાં રહો, કામ કાજ અમ સરણુ કહો, બા
ળ પણમાં જોબન વેશ, કેમ નીકળ્યા આવ્યા પ્રદેશ, રાજકુંવ
ર મુખ બોલ્યો બોલ, જાણે જીભ્યા અમરતની તોલ, પુરવ
દેશ વશુછુ અમો, પુછોછોતો સુણજો તમો, જાણોક્ષત્રી કેરા
તન, નથી પીતાને સજન ગીયે આભ નીચે ધરતી સહી, એ

વીના બીજુ કોઈ નહીં ઉમેદવાર ચાકરીનો જાણ, જ્યાં અજર ત્યાં રહેશુ અમીરવાણ, જે ફરમવો તે કરવું કામ, બત્રીશ લક્ષણુ મારૂ નામ. એવાં વચન અમીરે સુણી, ખુશાલી વાધી મનમાં ઘણી, મુજ પાસે તમે સુખે રહો; મન ગમે તે પુરાશે લહો. ખાઓ પીઓ ને મોજ કરો શેહેર બજારમાં સુખે ફરો, એમ કહીને રાખ્યો પાસ, પોતી મનડા કેરી આશ.

દોહરો—એકાંત જગ્યા આપી તહી; ત્યાં ઉતાર્યો રાજ કુમાર; ભોજન કરે મન ભાવતાં, જઈ બેસે દરબાર હાંશ વીનોદને ચાતુરી કરે, રાગને રંગ ચતુરી ચલાવે ચોગણી, જઈ અમીરની સંગ શેતરંજ ગંજીફો સોગટાં રમે અમીરની પાસ. એક ઘડી વીસો મુકે નહી તેને દીઠે મનડુ હુલ્લાસ પાછલો દીવસ ઘડી એક રહે, તે વખત નીશરે બહાર. બજારમાં ફરી કરી ઘેર આવે રાજ કુમાર, એમ કરતા દીન વીત્યા બહુ, પછે કીધો મન વીચાર; આમ બેસી રહે શીધી નહી, અમીરના ઘરમોઝર, એક સમે બોલ્યો સહી, અમીર પ્રતે તે વાત; શોદાગર એક મીત્રથી પ્રીત ઘણી મુજ ભ્રાત, બમેઘડી જોવા તણી મારા મનમાં હામ હુકમ હોય જો તમ તણો, તો જાઉ તે મુકામ, અમીર કહે સુખે પરવરો, એવા તે મુજ મન; ઝાઝી વાર કરશો નહી, એમ મુખે બોલ્યા વચન. વારૂ કહીને નીસરયો, ફરે તે નગર માય ચોસર રમીછે ચતુરનર જોઈને બેઠો ત્યાંય માનવિ; સૌરને મળી પુછે સમાચાર, કટે તેવો ઉતર કહયો હરખ્યા સહુ અપરમપાર ચાર ઘડી બેઠો થઈ જોયો તે ખયાલ; જુહાર કીધો સવને, ઉઠયો પોતે તતકાળ

ચતુર નર બોલ્યો શહી, આવજો નીત આ ઠામ આ મુંકામ છે તમતણો; એમ કહીને કરી સલામ. પછે આવ્યો મુકામ તાં, કરયાં ભાવતા ભોજન; પછેઅમીર રીઝો એટલે આં થયોઃ દન. રજની વીતી રંગમા ઉદય થયો રવાર; ત્રણ પહોર કરી ચાકરી ગયો મીત્રને,દવાર. ચોસરની બાજી રમે ભલા બે લાડી સાથ;માગયા દાવ લાવે સહી, એવા એના હાથ.

ચોપાઈ—ભલા ભલા નર આવે તહી કોઇ તે જીતી જાય ન હી; મુકાવે સહુના હંકર; એવો ખેલાડીને પરમપાર. ઘણા દી વસ રમત રમીઆ શહી શાણઅપર મત કાંઇ તહીં પછી વી ચારયુ મન મોઝાર, હવેજાઉ ગુણકાને ઠાર, તેનાં ઘરની ચ રચા જોઉ, મારા મનનો સંદેહ ખોઉ; કોણ પ્રકારે જીતે ના ર. તેનો પુછી કહ્રુ પાર. ભેદ પરપંચ કરશુ આ જ ના તેરા રશે મારૂ કાજ નહીતો કામ થવાનુ નથી,હીમસત મુકે થાય પંથી. એવું વીંચારી મનમાંય, ગુણકાના ઘર આગળથી જાય; નીકળી ગરમાંથી એક નાર, ઘણી વૃદ્ધછે આપરંપાર જેમ. સ્ટીક્ર કરમાં ઝાલી ખરી, મંદ ગતી ચાલે સુંદરી; એક ચતુર નર ઉભો છે બહાર, તેને પુછી જોઉ તે વાર, આ ઘણી વ ધ ડોશીની કાય,નથી ચાલતા એના પાય; સજન સહોદરછે કે નહી, એ વદ્ધ પણ દુખ પામે સહી, એવાં કુંવરનાં સુણી વચન, હશીને બોલ્યો.તેમન,આ ડોશીનેગુણકા છે હાથ,એ મને પુછી કરેછે વાત; સહુ મુંશાફરને લાવે અહી, રંડાને દયા ન આવે મન માહી; તેવા ફળ ભોગવે છે કાય, તમો શું જાણો વારતા રાયઃ તમો જાતે મુશાફર શહી, આજ છો

ને કાસ નહી એમ કહીને હરચો તે ઠાર મનમાં હરખ્યો
રાજ કુમાર; શલામ કરીને પળિયો, આગળ જઈને ટો
શીને તે મળિયો જઈને ચરણે નમ્યું શીશ દંડવત કરા
દશાવીશા પછે તલશાવા માંડયા પાય, રૂદન કરેછે ધાડે રાંય
ડોશી અચરત થઈને રહી મુંઝાયા તેણે વાણી કહી કોણ
છેરે ભાઈ તુતો દીન, શા કારણ તું કરે રૂદન, સુરા પાન
કાયુ છે કાય, તેથી રૂદન કરૂછુ માય, મારા ચરણ તલાંરી
આજ પુત્ર શરજ્યો તારાં કાજ, કોણ જાતીને શું છે ના
મ કયાથી આવ્યા આણે ઠામ; એવી વાત પોતે ચીત ધ
રી, ડોશી પ્રતે વાતજ કરી, ડોશી સુણીને હરખી મન,સા
લે લેઇને ચાલી તન; માથે તેણે ફેરવ્યો હાથ સુખે રહો
તન મારી શાથ, ખાન પાન કરાવીયાં સહી. પછી તને
વાણી કહી; અમો જાશુ માતાજી આજ પ્રધાનની ચાકરી
ને કાજ; પુત્ર જવા થાયે તઇયાર, બોલી ડોશી તેની વાર
જાઓ પૂત્ર વળી આવજો કાલ એમ કહી વળાવીયો બાળ
ત્યાંથી આવ્યા અમારને ઘેર; તે વાતની કોઈ નવ જાણે
પેર; અમીરનુ કરેછે કામ, મીત્ર સામે રમે તે ઠામ વળી ડો
શી પાશે બેશે જઈ મધુરી વાણી બોલે શહી, માતાજી ફર
માવો શહી મારે મારે બીજુ કાંઈ ન જાણું મુજને આ
શરો તમારો સહી, મારે માય બીજુ મન એક ઘડી જો મો
ડો જાય, ડોશી અન પાણી નવ ખાય; દેખે ત્યારે સુખી
થાય એવો વશ કરી તે રાય. એક સમે અમીરે આપ્યો તેહ
નમ આગળ લાગ્યોછુ એહ ખર્ચ પાણીને જોઈએ સહી

આગની કુંડમાં નીથરયો, ભમર કુંડમાં નહાય; પંડીતા
પુછે પંડીતને, તેના ફુલ વેલાને ખાય   મીઠડા ૨૩
કર વીના જે કામની, મુખ વીના જે દંત; મુવેલી જીવતાને
ગલે, તમે મોકલાવજો ગુણીયલ કંથ   મીઠડા ૨૪
રાધા તારૂ રૂશણું, જેમ આટામા લુંણ; કશાન શારીખા પા
તળા તને દહાડી મનાવે કુણરે   મીઠડા ૨૫
જેને થર પવન ના શંચરે, જેને છાયાએ ન બેશે કોય તે
ફળ તો મોકલાવજો, મારે એકાદસી વરત હોય મીઠડા ૨૬
ઉભો નર નીદરા કરે, જાકર તડકા ખાય; જેને મુખે મો
તી નીપજે, તમે ચતુર કરોરે વીચાર   મીઠડા ૨૭
શેરી ખરી પણ શાંકડી, ને નગર પાસે પણ દુર; પરણો
ખરો પણ નાનડો, મારૂ જોબન જાય ભરપુર મીઠડા ૨૮
ઊંચા ડોકનાં શારીગડાં, મધુરો મધુરો ન બોલ; હમે હઈ
યાના જાળવાં મારૂ જોબન કરેછે જોર   મીઠડા ૨૯
વેંત જેવડી વરખડી, ઢાલ જેવડુ ફુલ; કાચાં કમળ ઉતરે,
તેનુ પાકે થાએ મુલ   મીઠડા ૩૦
તનનાં કરૂ ત્રાજવાં, મનજો કરૂ બજાર; હઈયાની કરૂ હા
ટડી, હું તો વણજ કરૂ વેપાર   મીંઠડા ૩૧
કુવા ઢાંકણ ઢાંકણું ખેતરે ઢાકણે વાડ; બાપનુ ઢાંકણ બેટ
ડો ઘરનુ તે ઢાંકણ નારરે   મીંઠડા ૩૨

પદ્દર તથો.

હરી હઠ મેલને રાધે મરી શાગ બોલને રાવે;
અબોલા બોલને રાધે, ગુંગટડા ખોલને રાધે

ફઠ્યા મેરા માનને રાખ.

પડવે મોરી શાહેલડી, પેઊજી વાડીએ જાઅ;
પેઊંજી લાવે ડાદમ, ગોરી છોાલને પેઉજી ખાય;
હરી હઠ મેલને રાધે ૧

બીજે મારી શાહેલડી, બારોજ ઉગો ચંદ
દાડમ કેરૂ દંતડે, ગોરી આશો માંડયોછે ફંદ;
હરી હઠ મેલને રાધે ૨

ત્રીજે મોરી શાહેલડી, તરીઆજ વારોવાર;
આશું ભુલી સુદરી ભુલો કંકુને કાજળ શાર;
હરી હઠ મેલને રાધે ૩

ચોથે ચમકતી મે શુણી, જોબન બારે વેશ,
ભરજોબનમાં એકલી, જેના પીઉજી ગયા પરદેશ
હરી હઠ મેલને રાધે ૪

પાંચમે મોરી શાહેલડી, પંથ પલંગ કંથ દુર;
ભરજોબનમાં એકલી, મારૂ જોબન જાય ભરપુર;
હરી હઠ મેલને રાધે ૫

છઠે મારી સાહેલડી, છઠીજ વારો વાર;
પરદેસીરાજ પધારશે આપણે બેસીશુ હારોહાર.
હરી હઠ મેલને રાધે ૬

સાતમે મોરી સાહેલડી, સાતેજ કીધો સ્નેહ;
ચોમાસાની રત ચીકણી, ઝીણા ઝરમર વરસે મેહ;
હરી હઠ મેલને રાધે ૭

આઠમે મોરી સાહેલડી, આઠજ જોડા જોડ;

પરદેશી રાજ પધારશે, આપણે બેશીશું મોડા મોડ;
હરી હઠ મેલને રાધે ૮

નોમે મોરી શાહેલડી, નવલાંજ પેહેરૂં ચીર;
દીપક લઇ મેડે ચડું મારે નયણે વછુટ્યા નીર;
હરી હઠ મેલને રાધે ૯

દશમે મોરી શાહેલડી, દશરા પુજવા જાઅ;
પુજ્યા તે નર પામીયા, મારા શાઅ જાદા ભરથાર;
હરી હઠ મેલને રાધે ૧૦

અગીયારસે મોરીશાહેલડી મે કીધી પીવરાત
પરોડીએ ઉઠી પારણાં કરૂં. મને દરશન જોયાની ખાંત;
હરી હઠ મેલને રાધે ૧૧

બારશે મોરી શાહેલડી, બારેજ બાંધયા બંધ;
દશનારા નર દસી ગયા. એતો કદીએ ના છુટે બંધ,
હરી હઠ મેલને રાધે ૧૨

તેરસે મોરી શાહેલડી, વાદળ વાધયો રંગ;
આશાડની મુળી એકછે, મને ડસીયા કરબા ભોરંગ;
હરી હઠ મેલને રાધે ૧૩

ચઊદસે મોરી શાહેલડી, પાશા લીધા હાથ;
મે જાણ્યું પડસે પાધરા, એતો પડીયાંછે બારે વાટ
હરી હઠ મેલને રાધે ૧૪

પુનમે મોરી શાહેલડી, પુરીજ કરજે આસ;
મે જાણ્યું હરી આવશે, હવે થઇ બેઠી નીરાશ;
હરિ હઠ મેલને રાધે ૧૫

લાવણી હરજીલાવાલી

માલી ઊમેદવાલી દો ચાર કરત બીચાર બાગુમે ખડીયાં
મેઉ બરશત રૂમઝુમ રૂમઝુમ લગ રહી ઝડીઆં, પરથમ
ક્યા કહેતીરે. જળ ભરને જાતી દુસરીને બાના કીઆ
કે ગંગા નાતી તીશરી ક્યા કેતીરે; સીવ દરશાન કર આ
તી, ઇયુ ચારૂ મીલ મનશુબે ભઇ એકાઠી, હાંરે કાંઇ બનમે
બાગન કાળીકે નાગન છોટી ઇયું બારા તેરા ચઉદા પંદરા
જુગતી, મહી બોલી છોટીનાર ફુલનકી બહાર માલી માંહી
સાહેલીઆં, મેઉ બરસત રૂમઝુમ રૂમઝુમ લગ રહી ઝડીયાં.
પરથમ ક્યા કહેતીરે, સુનો સખીરી બેના; કલઆવી રેનકુ
ઘર આવે સાજના, ફુલનકા બીછાઇએજ નરમબીછાના,
સોઇ ગલે લીપટ કર ઇશક કીયા મન માના; દો હુટેચો
લીકે બંધ, મચા ધમશાના; એસી રંગુમે કાંઇ ગુજરી સારી
રેના, સખી દેખરે હુઇ ફજર, કાચી કલીયાં ગુલાબકી છ
ડીય; મેઉ બરસત રૂમઝુમ રૂમઝુમ લગરહી ઝડીયાં ૧
દુસરી ક્યા કહેતીરે, લગી બાત કરનેકુ. મે મારૂ નેન તલ
વાર ખુરે સાજનકુ, સાજનકાં એતના સુખ, કહુ ક્યા તુમકુ,
બાના પીના સો રેના પલંગકુ, મેં કહુ ઉઠે ઇશ બખત
ઇશક કરનેકુ; કાંહીન કાં રાત, ફીકર નહી અગકુ. અતર
ખુશબોઇ પાસ, ફુલનકી બાસ, રહયા મેં માલીયાં,
મેઉ બરસત રૂમઝુમ રૂમઝુમ લગ રહી ઝડીયાં. ૩
તીસરી ક્યા કહેતીરે, ભર જુવાનીકા બહારે, મેને તરે તરે
કા કીયા સોલ સીનગારે, પાઉમ્યાને પાવલ બીછુવાં, ચોલી

જરીદારે, નેનુમેં મારા કજરા મારતા લેરે; મે જા સાજનસેં મીલી, પલંગ ઉપરે; મેરા રૂઠડા સાજન ના બોલા દીલ ભરે; મેરો મનકી મનમે રહી, ફજર હો ગઇ, ફીકરમે પ ડીયાં, મેઉ બરસત રૂમઝુમ રૂમઝુમ લગ રહી ઝડીયાં. ૪
ચોથી હે ચંચળ નાર, બોલી અલબેલી; મુજે બાલપનમે પીયા સાવરે ડાલી, મે જા સાજનસે મીલી, ઉઠકર ના ચલી ચડી મદન, કેક છુતીયુંસે, છતીયાં બીડી, ખુલ ગયે જોબનકા બહાર, હુંઇ ખુશાલી ગાવે મહારાજ ગીર ઉસ્તાદ પ્રેમબંધ ખ્યાલી, ભગવાન દીન દીલદાર, ગોરી તેરા યાર, ખીલાવે બીડીયાં; મેઉ બરસત રૂમઝુમ રૂમઝુમ લગ રહી ઝડીયાં.

લાવણી ૨ ૭.

ઓ ભગવાન પતીના દાન, નથી કાંઇ સાન જનમ કેમ કહાડું; હું નાના કંથની નાર દુખ ક્યા ગાડું.

પરણાવી મારે બાપ, પોતાને આપ, કજોડા સાથે; મને
દુખ દરીયામાં ધરી પડયુ દુખ માથે ૧
હું આવી સાસરા માંય, કંથને ત્યાંય, જગતને ધારે;
પરણ્યા પછી વરસો ચાર, થયાં, ત જયારે ૨

જુલ.

મારે સાસુડીનું સાલ, નણંદ દે ગાળી;
જેને કંથ તણું નહી માન, તેને દુખ ભાળી;
કોઇ સખીઓ ભેગી થાય, પાણીને આરે;
સઉ મારી મશ્કરી કરે, કંથની ત્યારે;
મારા બાળ કંથને જોઇ, હસે સઉ કોઇ, દુખનો દરીઓ;

મારો જીવ બળેછે રોજ આગનનો ભરીઓ, ઓ ભગવાનાં
હું ગઈ પતીની પાશ, હેતની આશ, દેખી નાશે છે જો આ
લું જમણો હાથ ચીશ પાડે છે.
હું નવજોબનકુ નાર, અરે આ વાર, છબીલિ નારિ; સુ
ઓ જાણે નહી કાંઈ રીત કરેછે ભારી

જુલ

હું શુ કરૂ ઓ બાપ, દુખ દેછે
મારે હઈઓ હોળિ બરે, દુખી દીલ રહેછે;
મને ગમે નહી શણગાર, શરીરે શજવા;
વળી ભોજન વેળા પાક, ગમે નહી જમવા;
મને વરસ થયાં છે સોળ, જોબન ઝકઝોળ, જુવાની મારી;
પિટયો એછે નાનું બાળ, વરસ દસ બારી, ઓભગ. ૨
મારે બાપે મને આબાળ, સોંપયો તતકાળ, સારૂ નવકીધું;
એ બાળકડાની સંગ કન્યાદાન દીધું.
તે બેટીને વળી ગાય, હોરે ત્યાં જાય, કશું નવ ચાલે; જેમ
હત્યારા ઓ બળદ કસઈને આલે.

જુલ.

તેમ પીતા માહરે કરી, મને દુખદારી;
એ ફેર ગયો તે મરી કરી દુખ ભારી;
છાતીમાં ભડકા બળે, કરૂ શું સેખી;
હું લાજી મરૂછું રોજ, કંથને દેખી;
જેવી ચંદ્ર તણીછે સેજ, એવું મુજ તેજ, કોમળછું અંગે;
મુઓ લપક એનો નથી, માહારે સંગે. ઓ ભગ૦

જેવી કંથ વિનાની નાર, એવી આ વાર, મને પણ જાણો;
હું પડી કથીરની સંગ, મોતીનો દાણો.
મારે વહે ચક્ષે નીર, ભીંજે છે ચીર, ચોળી પણ ભીંજે;
એ બાળ કથને જોઇ, દીલ નવ રીઝે,

જુલ

વળી સાસુ મારે બોલ, ઘણેરા મુજને;
તું પજવે છે મુજ બાળ થયું શું તુજને;
મારો જીવ બળે છે રોજ, કરૂં શું બાઇ;
સગી નણદીને હું કહું, મરો તુજ ભાઇ;
શું કરૂં ઇશ્વરા આ હાય, હવે શું થાય, જેહેર ખાઇ મરવું
પડી દુખ દરીયાની માંય, રહું છે રડવું એ ભગ ૪
મારૂં મન થાયછે ખાખ ઉડે જેમ રાખ, જનમ શીદઆપ્યો;
પ્રભુ મારે કરમે કયાં; વિટયાને થાપયો;
મેં કરયા નથી કાંઇ પાપ, જગતના બાપ, ગુન્હોશો પડિયો
તે મુજ અબળાને કાજ, આવો કયાં ઘડીયો.

જુલ.

હું હતી કદી વિધવા તો આથી સારૂ,
પણ જોઇ ફોગટનો કંથ, બળે મન મારૂં;
મરૂં ઘણું થાય છે ચીત, રમવાને જારી;
પણ રહુંછુ અટકી લાજ, કુળની ધારી,
મને ઘણો કામનો તાપ, કહુંછું આપ; નથીરે ખમાતું;
મારૂં વીરય પિડા કરે, નથીરે દબાતું એ ભગ. ૫
હું જઉ મઇયરની માય, ભ્રાતને ત્યાંય, કદીકો વારી;

મારી ભોજાઇ મારે બોલ, ઘણા દુખદારી.
હું મનમાં સમજી રહુ, હુંકારા સહુ, બોલ ભાભીના;
હવે કાંઇ નથી ઉપાય, વીના ફાંશીના.

ઝુલ

ઓ ઇશ હવે તો સુણ, પતી કર મોટો;
તુજ ઘર જોડાવર તણો, પડયો શો ટોટો;
મારો પાપી હતો જે બાપ, પીટયો હત્યારો;
તેણે કરયો નહી વિચાર, જરા કાંઇ સારો.
કેહેછે જે ફળીદાસ, ઇશની પાસ, જોડા તું કરજે;
અબળા જાતીની અરજ કાનપર ધરજે.
ઓ ભગવાન પતીના દાન, નથી કાંઇ સાન, જનમ કેમ કા
ઢું હું નાના કંથની નાર; દુખ કયાં ગાઉં,

લાવણી ૩ જી

ભરથાર પ્રાણ આધાર, સુખ દેનાર ગયો કયાં ઉડી;
તુજવીણ નાથ માહારી, દશા થઇ ભુંડી,
તુજ વિણ મુજને પ્રાણ ગમે નવ જાણ કરૂં શું હાયે;
મુકી મુજને એકલી ગયો તું કાંયે;
પ્યારીનું દુખ તેં યાર; ધરયું ન લગાર ગયો કયા ચાલી;
તુજવીણ ગાલની ઉડી ગઇ સહુ લાલી.

ઝુલ

સહુ ઉડી ગયું મુખ તણું નુર ઓ પ્યારા;
તુજવીણ નેત્રથી વહે, આંસુની ધારા;
ઉરમાળ ગઇ સુકાઇ. શકિત નવ કાઇ;

લડથડીયાં આવે અરે, હીંડતાં આંઈ;
ઓ સુખ દેયણ ભરથાર, પ્યાર કેમ છોડયો;
બીજી કોઈ પ્યારી સાથ, પ્યાર જઇ જોડયો;
દિન રાત દુખમાં રહું કુવામાં પડું મરૂં કે બુડી,
તુજવીણ નાથ માહરી દશા થઈ ભુંડી;
દુખમાં બચવાને કાજ, દીશે નવ આજ, અરે કઇ આરો
હું અભાગણીને હાથ, ગ્રહી કોઇ તારો;
પીડે પતી મુજને કામ, આઠરે જામ નથી રેહેવાતું
આ કામાગ્નીનું કષ્ટ, નથી શાહેવાતું,

જુલ.

આવે નહીં આંખની માંહે, ઉંઘ લગારે;
તમ વીના સ્વામી થાય, સોચના ભારે;
કાળજું કોલી ખાય, મદન અત્યારે;
ભેટીને દુખ ટાળશો, કહો કંથ કયારે;
છાંટી અમ્રત રૂપી નીર, નણદના વીર, જુઓ મર જુરી;
તમ વીણ નાથ મહારી, દશા થઇ બુરી;
મનમાં અતીશે મુંઝાઉં, દુખી બહુ થાઉં, ધરૂં કયમ ધીરે;
તુ છાંટ ધીરજનું અરે નાથ મુજ નીરે;
સજવા નવ દે શણગાર, અરે ભરથાર, સગાં વહાલાં કોઇ
કયમ ગાળુ દુખમાં દીન, પ્રાણ પધારા જોઇ;

જુલ.

નવ મેરા આંખની માંહે, આંજવા દેરે;
નવ સુતું ખાટલા પરે, એમ સહુ કહેરે;

મુજ અરે કાન કોટને કરણુ ચરણ પણ મારા;
વરવા દીસે શણગાર વીણ આ પયારા;
બાવળીયા જેવા હાથ દિસે છે નાથ વિનારે ચુડી;
તુજ વિણ નાથ માહરી, દશા થઇ ભુંડી;
મુજ સહીપણીયો સરવ, ધરીને ગરવ, ઠમકતી ચાલે;
નિજ પતિશું વાતો કરે, હરશમાં માહાલે;
ચાવે નીત્ય પાન સુપારી, પ્રાણને પયારી, જે સુખકારી;
ચર ચર છાતી બળે, દીઠે તે મારી;

જુલ.

નીજ વરના દોસ્તથી વાત કરે ભલી ભાતે;
સહુ સઇકરને ઘેર જાય હરખથી ખાંતે;
કાંઇ નવા જુનાની વાત હરખથી બોલે;
સુખમાં સરવે સહીયરો, અહોનીશ ડોલે;
સહુ ગુંથે શિરના કેશ, જરૂર હમેશ, (પણ) મનેતો મુંડી;
તુજ વિણ નાથ માહરી દશા થઇ ભુંડી.
સંતોષ ધરત હું મન, કદાપી તન હોત મુજ પાસે;
પણ તેતો નવ તહથી, થાઉ નીરાશે,
પુત્રનાં કરીજ લગન, થઇજ મગન, મોડ મા ધાલે;
લાવો મેં તે નવ લીધ અરે આ કાળે.

જુલ.

વિધવા મણુ છે શીર, વળી વાંઝણી;
જણતાં કયમ ઝેર ન દીધ, માત શું જણી;
પધારી પાતી રહે ઘર માંડી, ન લહાવો લીધો;

ઓ જુલમ પાપી તેં પતી જઇ શો કાધો;
નવ તેજ શરીર પર લેશ, કાળી થઇ મેશ, મટીને રૂડી;
તુજ વીણુ નાથ માહરી દશા થઇ ભુંડી;
ઓ સુખના સુરજ મુજ, કહુંની તુજ, અસ્ત કયાં પામ્યો;
તુજ નીરાશા કરી નારીને કયાં વીસરાવ્યો.
તુજ પાણ પધારી સુકાય, કાય ભેદાય, અરે તે કેરી;
તુજ ગએ સાસુને નણંદ, થયાં છે વ્હેરી.

જુલ.

નવ ખુણો હુંથીજ પળાય કાયા કરમાએ;
જમવાને નાતની માંહ, વળી ન જવાએ:
ભર જોબન મારૂ જાય, અરેરે એળે.
નવ ભોગવનારો; ભોગી વડ પડયો કેળે,
જો રમુ જાર તો અરે, પાપણી અરે કહાવું કુંડી,
તુજ વીણુ નાથ માહારી, દશા થઇ ભુંડી.
કલપાંત કરવાથી કાંઇ વળે નવ આંઇ જીવતું જોને,
નવ ગયું ફરીથી મળે રૂવે કે શાને,
ભજ ભાવ થકી ભગવાન અરે નાદાન જીવડા આજે,
થશે પુનરલગ્ન પ્રભુ કરે, હશે દુખ પ્રાજે,

જુલ.

રોવાથી જરૂરી જશે, અરેરે આંખે,
માટે જગદીશનું જરૂર નામ તું ભાખે,
સીખ ખુશાળીની ધરૂ કાન, કરી સન્માને,
જેથી પુનરલગ્નની આશ, પુરે ભગવાને;

નવ ગયો નાથ કદી જડે, બધે આથડે જોયાથી ધુંડી,
તુજ વીણુ નાથ માહરી દશા થઈ ભુંડી,

લાવણી. ૪ થી.

સુણ સહચર મારી આજ, દુખની દાઝ જઈ કયાં ખોલું,
અંતરનો પડદો અરે કયાંહા જઇ ખોલું;
હું વરસ પાંચની હતી નોહોતી મતી ગતી પણ કાંઇ,
પાપી પીતાએ ઝીકી ખાડની માંહીં,
જોઇ કુલીન નાતનો વર. સારૂ જોઇ ઘર મને પરણાવી,
દિધ ત્યાં તો કન્યાદાન હાથ મેલાવી,
વર વરસ ઢીનનો ઘરેણેજ સણગારયો,
લાજે છુણી જેતા કામ એવો સારો,
હું વરસ ચઉદની થઇ, સાશરે ગઇ પેહેરી ઘરચોળુ,
અંતરનો પડદો અરે કયાં જઇ ખોલું
પાથરિયો હતો પલંગ, રમવાને રંગ પેઉ પધારીને,
કિધ સાફ ઉપર રૂડી ચાદર ઓછાડીને,
પતિ ગયા પછી હુ ગઇ, મેડીની માંહી, ગઇ સુવાને,
નસકોરાં બોલતાં હતાં તારે સુવાને,
સુતોતો પાસા ભેર ઊંઘની માંહે,
ઢઢોળો મેં બહુ પેર. તેહને ત્યાંહે,
તે ઉંઘુ કરવાને જાય પેખવા ચાહ્ય આવે વળી ઝોલું,
અંતરનો પડદો અરે જઇ કયાં ખોલું.
ચાંપવા માંડયા મેં પગ, કામસના ઠગ, સુગ બહુ આવે,
મનમાં ત્યાં મસ મુઝાઉ, કરૂં શું હાવે;

દીસંતુ નહાનું બાળ, બોલતાં લાળ, પડે મુખેથી,
વળી ગમાર સમ ચાલથી, બહુ દુખેથી;
ઢંઢોળયો મેં બહુ વાર, તેહને ત્યારે,
મુખ વદી ક્રૂર ઉચ્ચાર, ચુંટી કરી ધારે,
જા તાડી માની રાંડ, ઉઠને ગાંડ, શીદ ઢંઢોળુ,
અંતરનો પડદો અરે ક્યાં જઈ ખોલું.
માતની નીશાની આજ, ચડી મને ઝાંઝ, કહીશ મુજ માને,
શું કરવા મોકલી હતી, રાંડરે આને;
મેં કહ્યું સુણો સ્વામી, શિશ નામી, વહુ છું તમને,
સંસારની રીત થકી, બોલાવો અમને,
કેમ કઠણ થયા છો તમે, કહો સમ મારા,
અબળા શું કરીએ અમે, પ્રાણના પ્યારા,
કેમ તરછોડો છો આમ, માહરા શામ, રિપુ તન છોલું;
અંતરનો પડદો અરે ક્યાં જઈ ખોલું
મેં સમજાવ્યો બહુ રીત, ધરીને પ્રીત, સમજ્યો ત્યારે,
કરવા દે મુજને શયન; પછીથી હારે,
તેપણ નવ શમજે કાંઈ, કરે મશતાઈ કુચપર મુખ દે
ઓ શાંઈઅર એવી રીતે, દહાડી તે દુખ દે
વળી ગાળ ભાંડીને આળ, ઘણાક ચઢાવે
ધરી કાળ સીરના વાળ, એરશા રીબાવે,
પદ વદે એમ મુજને ઘણીક નએતો ઠીક દુખમાં ડોલુ
અંતરનો પડદો અરે જઈ કયા ખોલુ;
મારો વર નાનેરો બાળ, જાય નીશાળ મરૂ શરમાઈ

છોરૂમાં રમવા જાય, કરે ઉપમાઇ
વળી લાજ કાઢતાં પરમ, મુજને શરમ, મનમાં આવે
આ કરમ તણો કડો મરમ. કોણ બતલાવે
પાણી ભરવાને કાજ, જાઊંછુ જયારે
સઇઅર કેરા શાથમાં, નડીકે તારે
સઊ દાજ મુજપર ધરે, મશકરી કર, ગીત ચંચોળુ
અંતરનો પડદો અરે જઇ કયાં ખોલુ
હું મરીશ કમોતે જાણ, સઇઅર પ્રમાણ, નહી રહેવાયે
નાનેરા વરનુ દુંખ કેમ સેહેવાએ
આ કહુ કોણને વાત, માહરી જાત, બળી ગઇ બેહેની
નાનેરા વરનો ઊપાય કે તુ કહેની,
હું જાણું આપ કુંવેર, હુલેર થાવાને.
પણ મૂઢ તણી સી પેર. ભમુ એ બહાને,
એ દુખ કરી સુકાઊં ઝેરરે ખાઊ કુવો કે ખોળુ
અંતરનો પડદો અરે કયાં જઇ ખોલુ
હું નકલંકીછુ નારી લાજન મરી મન મૂઠી વાળુ.
વળી સાત વિતે ભવ આમ એમ સંભાળુ.
ભવ એકતણો છુટકાર કરી વિચાર કેમ ના કરીએ,
આ બળા ઝળા બાધાની માફક ફરીએ,
નથી અરે ગોઠતુ બેહેન ચેન નથી પડતુ,
આંસુથી ભરાએ નેન, રોજ દીલ ગળતુ.
દુખપડયું ખુલાખી ઘણુ, સુખ નવલાણું માણસ મળી રોહોલુ
અંતરનો પડદો અરે કયાં જઇ ખોલું

લાવણી

ગુલ ચુમનમે બીછુ છુપા ખડા જેહેરીહે, ક્યુ કરકે બાગમે જાઉ મેરા બેહેરીહે મીજલશમે પુકારા કીયા કામના બોલી, મેં લઈ જોગનકા બેશ હાથમે ઝોલી કાનુમે કુંડળ નાક ગળે બીચ શેલી મેરી શંગકી સાહેલીયાં ચાલે શંગ અલબેલી હાથુમે મેરૂ રૂકથારી અંખ ફેરીહે કરયું કરકે બાગમે જાઉ મેરા વેહેરી હે

મે ગઈ બાગમે ખીલ રહી હરીયાળી, દરખતપે ભવરાકી રતા ડાલી ડાલી ભવરેને પુકારા કીયા કે નહી હુ માલી, માલીકી માલન ખડી હે જાદુવાલી ચલ નીકલ યાંસે બહાર જંગલ લેહેરીહે, ક્યુ કરકે બાગમે જાઉમેરા બેહેરીહે

મે ફુલ તોડને દરખત ઊપર ચડ ગઈ બીછુને મારા ડંખ કે નીચે ગીર ગઈ, મેરી સંગકી સાહેલીયાં દોડોને મતો મર ગઈ માલીકી માલન મુજેબી જાદુ કર ગઈ ચલ નીકલ યાંહાંસે બહાર જંગલ લેહેરીહે ક્યુ કરકે બાગમે જાઉ મેરા બેહેરી હે

સબહુકે ભરે ભંડાર નહી કીનારા, ચંગ ઉપર તોરા જળક રહ્યા કીનારા હે તુકનગીરને જડશે બીછુ ઉતારા યુક્ષનકે નુગરા હોગયા પારમપારા એ ચુનીલાલ બમનકી ગત નયારીહે ક્યુ કરકે બાગમે જાઉ મેરા બેહેરી હે

ભદ્રકાળિનિ લાવણી

ધન્ય ધન ભદ્રકાળી મેં જોયાં નજરે બાળી,
એં ત્રણ દરવાજા વાળો, મેં કરયાં દરસન;

જેની શોભાનો નહી પાર, દરશન કરે નર નાર,
દીશે ભદ્ર ભયંકાર, હું થયો પરશન
સહુ જાએ ભદરને દેરે, લોકો શ્રીફળ વધેરે,
માતા શણગાર પેરે શોભા છે રૂડી,
મમાયા રૂપે કાળી, જગતની દીન દયાળી,
કંઠે ગજરા નાકે વાળો, એને હાથે ચુડી; ૨
હું જોવા ગયો ચાલી, મા ઉભી ખડક ઝાલી,
એણે હાંશડી તુળસી ઘાલી, પેહેરયાં ચીર ચોળી,
સહુ જોવા જાઓ શાથે ઘુઘરી પુચી બાંધી હાથે;
શોભે મુગટ માથે, એવી ભદ્રભોળી. ૩
માને સણગાર ચઢયા છે; પુંઠે તકતા જડયા છે.
દવાર પીતળે મઢયા છે, દેવી છે શનમુખ;
જોતાં અકલ થઇ જાએ ગાંડી મેં જોયું નજર માંડી
અંદર લટકે છે હાંડી, બહાર એક ઝમરૂખ. ૪
ત્યાં થાય ઘંટનો ઘમકો, માનો વાગે ઝાંઝર ઝમકો.
ત્યાં ભકત કરે છે ઠમકો, શહુ શેવક જાએ;
ઘણા ભકત ધરતા ધીયાન, વંઝા માગેરે સંતાન;
ગુનેગાર પકડે ગાન અને થેઇ થેઇ નાચે ૫
ત્યાં ગારદી ઘણા ફરે, આખો દીન ફેરા ભરે;
ખુબ રિતે ચોકી કરે, આખી રાત જાગે.
હું મંમાયાને માનું એનું નથી કાંઇ છાનું;
કાળી પુંઠે કેદખાનું ત્યાં બેડીઓ વાગે. ૬
ઉપર ઘડીયાળ છે ટેક, ગારદી બેસે છે હેઠ;

ભાંજ પડે થાય પ્રેટ, ત્યાં હાજરી લે છે.
શુક્રવારે પોકા પોક, રવીવાર ટળે શોક:
આંજે જાય લાલ લોક, તે ત્યાં ઉભા રેહે છે. ૭
અમદાવાદ સારૂ શેહેર, મમાયા કરજો મેહેર;
સઉને થાય લીલા લેહેર એટલું માગું:
કહેછે વલભ સુરજરામ છજે રાયપુરમાં મુકામ;
મખાલીની પોળમાં ઠામ, હું પાય લાગું. ૮

વીંછીની અરબી રાગ પરજ

અરરર માંડીરે છાણા તે વીણવા ગઇતી, મા વીંછુડો,
અરરર માડીરે સોબત શહીની થઇતી, મા વીંછુડો,
અરરર માડીરે છાનો માનો લપાયો, મા વીંછુડો.
અરરર માડીરે વાંકો વળી ડંખ મારયો મા વીંછુડો.
અરરર માડીરે નાસતાં તેને ભાળયો, મા વીંછુડો,
અરરર માડીરે આ સી લેરો આવી, મા વીંછુડો,
અરરર માડીરે સહીયર તેડી લાવો, મા વીંછુડો,
અરરર માડીરે સસરાને તેડાવો. મા વીંછુડો;
અરરર માડીરે પડદાને બંધાવો, મા વીંછુડો.
અરરર માડીરે સસરા અહીયાં આવે, મા વીંછુડો
અરરર માડીરે ગાડી બેસવા લાવે, મા વીંછુડો
અરરર માડીરે કાણપર લઇ ચાલો, મા વીંછુડો
અરરર માડીરે રેશમ બુ ભૌલાવો, મા વીંછુડો
અરરર માડીરે વીંછુડો ઉતરાવો; મા વીંછુડો

અરરરર માડીરે વીછુંડે વેર વાળયાં, મા વાંછુ અ
અરરરર માડીરે હરખ હઇયાંના ટાળયાં મા વીંછુ ડો
અરરરર માડીરે ભોજનીયાં ન ભાવે, મા વીંછુ ડો
અરરરર માડીરે સુતાં નીંદ્રા ન આવે, મા વીંછુ ડો
અરરરર માડીરે ઓરડમાં ઢોલિયા ઢળાવો, મા વીંછુ ડો
અરરરર માડીરે પરણ્યાને બોલાવો, મા વીંછુ ડો
અરરરર માડીરે સીરાને કરાવો, મા વીંછુ ડો
અરરરર માડીરે પરણ્યો કોળીયા ખવરાવે મા વીંછુ ડો
અરરરર માડીરે વીંછીની વેદના ભારી, મા વીંછુ ડો
અરરરર માડીરે દુનીયા રહીછે હારી, મા વીંછુ ડો
અરરરર માડીરે વીતે તે સહુ જાણે, મા વીંછુ ડો
આરરરર માડીરે ગાયું તેરે ટાણે, મા વીંછુ ડો
અરરરર માડીરે ચકાલાલે ચિત ચાઈ મા વીંછુ ડો
અરરરર માડીરે ગરબી રસીક ગાઈ મા વીંછુ ડો

ગરબી.

આવરે હરી બીંદરા બનમે.
સામીજી બંસીયા બજાય કાનુડા;
આવરે હરી બીંદરારે બનમે.
નેહ લગાય મન મોય લીએરે, હરી બીંદરારે બનમે;
આવોતો રોજીયા સમારૂ, કાનુડા આવોરે૦ ૧
રંગ રંગીલી બ્રીજ નારીરે, હરી બીંદરારે બનમે;
દીલ માંહે ગરબા ગવાડું, કાનુડા આવરે૦ ૨
રાધાજી પાનીડાં સાંચરયાંરે, હરી બીંદરારે બનમે;

સોલસે ગોપીઓની સાથ, કાનુડા આવરે૦ ૩
કાંઠડે ઉભો કાનુડોરે, હરી બીંદરારે બનમે;
હરી મોય કાંકરડી ન માર,કાનુડા આવરે૦ ૪
બેડીલો મારો નાંદસેરે, હરી બીંદરારે બનમે;
દેસામે મુખડાસંગાળ, કાનુડા આવરે૦ ૫
કાન હરી બનમે ગ્યારે, હરી બીંદરારે બનમે;
સોલસે ગોપીયોને સાથ, કાનુડા આવરે૦ ૬
મહી લુટે મારી મટુકી ફુટેરે, હરી બીંદરારે બનમે;
કાનાજી કયાં કરોજો આળ, કાનુડા આવરે૦ ૭
કહયો હમારો માનો નહીરે, હરી બીંદરારે બનમે
કરસાં કંસને પુકાર, કાનુડા આવરે૦ ૮
સુમેચણુક કહે સાંભળોરે, હરી બીંદરારે બનમે;
હુરી હઠ મેલને લગાર, કાનુડા આવરે૦ ૯

લાવણી

મેં ભરી નીંદમેં શુઇ એ રાગ

તું કામણ કરી કયાં જાય, નંદલાલ લહેરી;
તારી બંસી ડંસી, સરપણ ઝાઝી ઝહેરી. ટેક
તારી બંસી સુણીને, આવી છોકરાં છાડી;
બહુ બની ગઇ ગુલતાન, દેવી થઇ ગાંડી;
જેમ ઉનાળે, હીંડોળે ચડેછે કેરી, તારી બંશી ૧
મેં મેલી માતની લાજ, કાજ શાહુ ભુલી,
પીઉજીને પડતો મેલી, ફંદમાં ફુલી.
મારાં અંગો શાહોદર, સરવ કરયાં મેં વેરી. તારી૦ ૨

તારે માંથે મુગટ, ચળકે લળકે મોતી;
પીળો પટકો, લટકો ચટકો હું જોતી;
મન મોહન લગાડયો, પીળું પીતાંબર પેહેર્યુ. તારી બંસી ૩
તારૂ રૂપ રૂપ, અનુપ જોઈને મરીયે;
તુજ વીના કાયા, કામ કહો કયાં કરીએ
ગોપી ઘેરવાને આંખ, રાખોછો ઘેરી. તારી બંસી ૪
શું ઉકપો તમારો ભાવ, લાહાવ નથી લેતા;
હું પલ્લો પકડી રહી, ઉતર શો દેતા;
મારા ઉપર નથી નેહ, નજર કયાં ઠેરી. તારી બંસી ૫
જવાનો કરોછો વીચાર; હું શમજી ગઈછું;
પણ કેમ જવા દેઉ, પાલવ પકડી રહીછુ;
શું નાશો વલ્લભ નાથ, મરદ છો કે મેહેરી તારી બંસી ૬

સુરતની લાવણી.

સુરત સોનાની મ્હોર; સાત આગી બીમ પોળ;
તેનુ કામછે જોર, સોભા શારી;
ત્યાં ગાડી ઘોડા જાય, શ્રાવણ મહીને શરતો થાય
તોફાન મારગ માંય, બેઅને નાખે મારી ૧
પેહેલી ગોડ દોડની ચોકી, ત્યાં સીપાઈ રાખે રોકી
પઈશા લેછે મારી ઠોકી, પછી જાવા દેછે,
બીજો બામણીઆનો ઘાટ, ગાડીની ઠાઠાઠાટ
જે જાય જોવા માટ, તે ત્યાં ઉભા રેહે છે. ૨
ખાડીવાળા જબરા જોય, ત્રીજો મુકામ પીપરોદ,

ત્યાં થાય ગોદા ગોદ, મારે મ્હોની ઠકર,
ત્યાં શોભા એવી હુઈ, કાચાં ગોધા જાય શુઈ,
ત્યારે આવે સકર કુઈ; પછી રૂણનુ ચકર. ૩
છઠો ગવિયલપો મુકામ, પછી ખંગલીનો ઠામ,
તે દેખી આવે હામ, સહુ ખુસી રહે છે,
પછી ચોર આંબલે જાય, એટલે શરત પુરી થાય
ત્યાં હરાય કે જીતાય, નાણું ગણી લેછે. ૪
પછી જાય ગામની મહી, ઉતરે ઊતારો હોય તહીં,
હાકનાર પડે ઘેલો થઈ, તે નરમ થાય છે,
બીજા શોબલી બેલને જુએ, પાણી લેઇને ટીણ ધુએ,
નવરાવે લુગડે લુએ, પછી દરીયે જાય છે ૫
મળી નહાવા જાય ખુશથી, એટલે ઉડી જાય સુસ્તી;
ત્યાં શુરા કરે કુશ્તી; ઘણો હરખ ચડે;
પછી દરીયામાં નહાવ; ત્યારે હનુમાનમાં જાય;
પછી ઘી ખીચડીઓ ખાય; એવે શાંજ પડે;
સાંજે ગાડીયોને છોડે ધીરે ધીરે બેલને જોડે.
વળતી વખત ન દોડે સહુ ઘેર આવે,
પછી શો વાપરે અચોક કોઈના મનમાં નહી શોક;
શોખી શુરતનો લોક સારૂ ખાવું ભાવે:
શુરત સારૂ શેહેર સહુને કરજો લીલા લેહેર.
પારણાં બંધાય ઘેર ઘેર, એટલુંજ માગુ.
કહેછે વલભ સુરજરામ, અમદાવાદમાં મુકામ;
જુને રાયપુરમાં ઠામ, હું પાય લાગુ. ૬

લાવણી

અદબીચ મોખત તોડી એ રાગ

જુઓને જશોદા માવડી;
તારો કાંનો છાનો માનો, છોડી ગયો ગાવડી;
તારા દીકરાનુ જોર ઘણું, એણે હુડ મસ્તી કીધી;
મારી વાછુડી છોડી છાનીને, ધવરાવી દીધી;
તમે ચહડાવી મેલ્યો મોડેથી, ત્યારે એવી રમત આવડી તા,
મેં ગાયને ગોતર મેલ્યું, પછી હું ઘરમાં ગઇતી;
કાંઇ પણ જાણતી નહોતી, કાનો આવ્યો કઇથી;
એ ગાયને છુબીએ છોડતાં, ભાગી ગોતાની બાવડી તા, ૨
કહે જશોદા શાચું ન માનું, તુ શું કહેવા આવી;
તારે હેવાનો ટપકો, કેમ નીચાની નવલાવી;
નારી કહે વલ્લભના નાથની, હવે કાઢી લાવીશ પાવડી. તારો ૩

ગરબી

ગોળીફોડીરે ગોળીફોડી, જુઓ જસોદા ગોળીફોડી. ટેક
છાનામાનામારૂં માંખણખાધું, ગોરસનો પીધીથો ડીઘાડ઼. જુ૦ ૧
ગાયની ગમાણમાં ગોવિંદ પેઠો, વાછડીને છાનીછોડી. જુ૦ ૨
ગેડી ઊંચાં શીંકામાં મેરવી, તાણીને નાખ્યું તોડી. જુ૦ ૩
નીચાની બંધ બતાવું તમને, આવ્યોતો કાળી કામળીઓઢી ૪
ત્રીકમ તમારો તોફાન કરેછે, વ્યાસવલ્લભ કહેકરજોડી. જુ૦ ૫

ગરબી

મારે ઘેર આવો નંદલાલા. એ રાગ.

કે કંસરાયને કેહેવા દો કાહાંના;

માહારારે ઘરમાં પેસોછો છાના. કે કંસ રાયનેo ટેક

છાનામાનાઘરમાં પેશી જાઓછો, માખણ મ્હારૂં લુટીને ખાઓછો

છાસને દહીં તે ગોવાળને પાઓછો. કે કંસરાયને. ૧

ગોકુળીયામાં લોકબેગાં થઈશું, મથુરામાં ફરિયાદી જઈશું;

મહિનાં મુલ ગણી ગણી લઈશું. કે કંસરાયને. ૨

કાના મ્હારે મ્હેલેથી તું જાને, ઘેરે ઘેર મહિં માગી ખાને;

વ્હાલો હોયતો તું તારી માને, કે કંસરાયને. ૩

નીત્યે ખેલ કરેછે તું આવા, આજે તો તને દઉંછું જાવા;

અલ્યા શું તારા ઘરમાં નથી ખાવા. કે કંસરાયને. ૪

એવું સુણી ચાલ્યા અંતર જામી, પછી નારીપશ્તાવો પામી

એવો વ્હાલો વલ્લભનો સ્વામી. કે કંસરાયનેo ૫

ગરબી

મેહેર છે મેહેર છે મેહેર છે રે,

મારા માધવ તમારી મેહેર છે. ટેક

પ્રીત રાખો છોતે પ્રેમ ઘણો ઉપજે,

ઝેરીલા લોકોને ઝેરછેરે. મારા માધવo ૧

ગોકુળ ગામના પેલા ગોવાળીયા;

નિંદ્યા કુથલીનો ઢેર છેરે. મારા માધવo ૨

મ્હોટાં મ્હોટાં મેહેણાં ખોટાં ખોટાં કહાડે,

લાંછુન પેરે પેરછે રે. મારા માધવo ૩

સાસરીયાં સંતાપેછે મુજને,

પીયરમાં રૂડી પેરછેરે. મારા માધવo

વલ્લભના વ્હાલા વહાલ પણ રાખ્યો,
એટલી લીલા લ્હેરછેરે. મારા માધવ૰ ૫

લાવણી

વીચારી લે વાત જીવડા, સંસાર સુખ કેવાનું રે;
હાથે તે સાથે આવે, બાકી પડ્યું રેહેવાનું રે. ટેક
દાન દયાને રાખ્ય દિનતા, સત્ય સંગકર મ્હોટોરે,
પ્રેમ ધરીને પુન્ય કરે, તેમાં ન આવે ટોટોરે;
પરમેશ્વર કહે પુન્ય કરે તો, પ્હેલું દુખ દેવાનું રે. હાથે.
મીથુન માયા વ્હાલી લાગે, અધમેં જીવ ઉડ્યોરે,
ભગવતને ભજ્યો નહીં, સંસાર સીંધુમાં બુડયોરે;
ચમડી તોડી દમડી સાંચે, શું સારૂ એરૂવાનું રે. હાથે ૨
